Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



આત્મ સંવત ૮૯ (ચાલુ) વીર સં. ૨૫૧૦
વિક્રમ સંવત ૨૦૪૦ શ્રાવણ

## પરમ પૂજ્ય શ્રી સુમતિનાથનું સ્તવન

લેખક : આનન્દઘનજી મહારાજ સાહેબ

સુમતિ–ચરણકુજ આતમ–અપરણા, દરપણ જિમ અધિકાર, સુજ્ઞાની,
મતિ–તરપણ બહુ સમ્મત જાણિએ પરિસરપણ સુવિચાર, સુજ્ઞાની.
ત્રિવિધિ સકલ તનુ ધરગત આતમા, બહિરાતમ ધુરિ ભેદ સુજ્ઞાની,
બીજો અંતર આતમ તીસરો, પરમાતમ અવિચ્છેદ સુજ્ઞાની.
આતમ બુદ્ધે કાયાદિક ગ્રહ્યો બહિરાતમ અઘરૂપ સુજ્ઞાની,
કાયાદિનો હો સાખીધર રહ્યો, અંતર આતમ રૂપ સુજ્ઞાની.
જ્ઞાનાનન્દે હો પૂરણ પાવનો, વર્જિન સકલ ઉપાધ સુજ્ઞાની,
અતીન્દ્રિય ગુણ – ગણ મણિ આગરૂ, એમ પરમાતમ સાધ સુજ્ઞાની.
બહિરાતમ તજી અંતર આતમા, રૂપ થઇ સ્થિર ભાવ સુજ્ઞાની,
પરમાતમનું હો આતમ ભાવવું, આતમ દર્પણ ભાવ સુજ્ઞાની.
આતમ અર્પણ વસ્તુ વિચારતાં, ભરમ ટળે મતિદોષ સુજ્ઞાની,
પરમ પદારથ સંમત્તિ સંપજે, આનન્દ ઘન રસપોષ સુજ્ઞાની.

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

પુસ્તક : ૮૧ ] ઓગસ્ટ : ૧૯૮૪ [ અંક : ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | પ૦ પૂ૦ તીર્થંકર ભગવાન સંભવનાથનું સ્તવન | પૂ૦ આનંદઘનજી મહારાજ સાહેબ | ૧૪૫ |
| (૨) | વસુદેવ હિણ્ડી ( હિન્દી ) | પૂ૦ સંઘદાસ ગણિ. | ૧૪૭ |
| (૩) | "જીવદયા ઉપર ભીમ અને સોમની કથા" | પ૦પૂ૦ કૈલાસસાગરસૂરિજી મ. સા ના શિષ્યરત્ન મુનિશ્રી નીતિસાગરજી મ. સા. | ૧૫૧ |
| (૪) | શું બનશો ? ગુણવાન-ગુણાનુરાગી કે ગુણદ્વેષી ? | ડૉ. ભાયલાલ એમ. બાવીશી | ૧૫૩ |
| (૫) | સતી સુરસુંદરી | પ૦પૂ૦આ૦શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય મુનિશ્રી દાનવિજયજી મ. | ૧૫૫ |
| (૬) | ક્ષમાની શરણાઈ | પૂ૦ ગણિવર્યશ્રી દાનવિજયજી મ. સા. | ૧૫૮ |
| (૭) | જૈન સમાચાર | — | ૧૬૦ |


આ સભાનાં નવા આજીવન સભ્ય

**શ્રી કીર્તીકુમાર પાનાચંદ શાહ ( થાનવાળા ) ભાવનગર**

## ધર્માત્માઓ સાથે સાચી મૈત્રી બાંધી....

## જૈનધર્મનો જય જયકાર કરીએ....

"જ્ઞાનતેજ" લાલવાડી, મુંબઇ.

મિત્ર બનો તો એવા બનજો, મૈત્રી જીવનભર દાખવજો,
કંટક સંકટ સહુ સહી લેજો, ધર્મને ખાતર મરી ફીટજો.

મિત્રતા કરો તો કરી જાણજો, કપટ અને મિત્રતાની વચ્ચે છાયો અને તડકો જેટલો તફાવત છે. કોઈને ઠગવાની બુદ્ધિથી મિત્રતા ન કરતા, ને મિત્રતા કરીને દગો ન દેતા. જો મિત્રતા કરીને કોઈનો વિશ્વાસ સંપાદન કરીને દગો દેશો તો તમારી જ એ અદબી થશે, સાથે સાથે રાગ-દ્વેષ રૂપી મહાશત્રુઓને જીતેલા એવા વીતરાગનો પ્રકાશેલો ધર્મ નિંદાશે. અને જે જૈનધર્મની નિંદા કરીને જૈનધર્મ પામવાની યોગ્યતાનો નાશ કરશે, તે પાપના મિથ્યાત્વના નિમિત્ત તમે બની જશો....

જેને ધર્માત્માની સાથે મિત્રતા હોય તે તો કેટલો બધો નિભર્ય હોય....! તેને કેવી સરસ હૂંફ હોય....! ધર્માત્માની મૈત્રી એટલે ધોમધખતા તાપમાં શીતલ છાંયડી સમ વિશાળ વડલાનું વૃક્ષ....! ધર્માત્માની મૈત્રી એટલે વીકટ વનવગડામાં ચોર-ડાકુ-કાપાલિકોથી બચાવનાર સશસ્ત્ર રખેવાળ....! તમારે પણ જો આવું ધર્માત્મા બનવું છે તો આવીજ મિત્રતા અન્યની સાથે

( અનુસંધાન ટાઈટલ પેજ ૩ ઉપર )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પોપટલાલ રવજીભાઇ સલોત

વર્ષ : ૮૧ ] વિ. સં. ૨૦૪૦ શ્રાવણ : ઓગસ્ટ-૧૯૮૪ [ અંક : ૧૦

# પરમ પૂ૦ તીર્થંકર ભગવાન સંભવનાથનું સ્તવન

લે. પૂ૦ **આનંદઘનજી મહારાજ સાહેબ**

**( ચાલુ )**

દોષ ટલે વલી દૃષ્ટિ ખોલે ભલી રે પ્રાપ્તિ પ્રવચન-વાક્ ॥

જ્યારે મિથ્યાત્વ દૃષ્ટિનો દોષ દૂર થાય છે ત્યારે પાંચમી '**સ્થિરા**' દૃષ્ટિ ખુલે છે. યોગ માર્ગમાં **આઠ** દૃષ્ટિ બતાવી છે : મિત્રા, તારા, બલા, દીપ્રા, સ્થિરા, કાન્તા, પ્રભા અને પરા.

પાંચમી દૃષ્ટિ સમ્યક્શ્રદ્ધાની છે. જેવા સમ્યક્શ્રદ્ધાનો ભાવ પ્રગટ થાય છે તેવા સર્વજ્ઞ-વિતરાગના વચન પ્રાપ્ત થાય છે. "જિનેશ્વર ભગવાને કહ્યું છે તેજ સત્ય છે અને નિઃશંક છે."

આ આધ્યાત્મિક યાત્રામાં સદ્ગુરુનો સંયોગ મળે છે. (૧) તેથી પાપ કર્મોનો નાશ થાય છે (૨) પાપાનુબંધિ અકુશળ કર્મ કમ બને છે. (૩) આધ્યાત્મિક ગ્રંથોનું શ્રવણ-મનન થાય છે (૪) નયવાદ-માધ્યમથી હેતુવાદની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સહાયતાથી ધર્મગ્રન્થોનું પારશીલન થાય છે. કવિએ ચાર વાતો એકજ ગાથામાં બતાવી છે.

પરિચય પાતક-ઘાતક સાધુશું રે અકુશલ, અપચય ચેત,
ગ્રન્થ અધ્યાત્મ-શ્રવણ-મનન કરીરે, પરિશિલન નય હેત. (૪)

ચેતન, માત્ર બાહ્ય ધર્મ ક્રિયાના માધ્યમથી નહિ, પરંતુ ગુણોના માધ્યમથી આત્માની આન્તર યાત્રા વિકાસ પામે છે ત્યારે સાધુ પુરૂષોનો પરિચય પાપોનો નાશક બને છે. અકુશળ પાપકર્મો પણ નાશ પામે છે. સાધુ પુરૂષોના ચરણોમાં વિનયથી બેસીને, આત્મશુદ્ધિના પ્રેરક આધ્યાત્મિક ગ્રન્થોનું શ્રવણ-મનન કરશે. જેમ જેમ જ્ઞાનનો પ્રકાશ વૃદ્ધિ પામશે તેમ તેમ સાત નયોના માધ્યમથી તત્ત્વ ચિંતન કરશે. તેથી તેનું મન વિસંવાદોથી મુક્ત બનશે.

કારણ - જોગે હો કારણ નીપજે રે, એમાં કોઈ ન વાદ,
પણ કારણ વિણ કારજ સાધિયે રે, એ નિજમત ઉન્માદ (૫)

આ પ્રકારે ઉત્તર/ઉત્તર આત્મવિકાસમાં પૂર્વ/પૂર્વ વિકાસની ભૂમિકાઓ કારણ બને છે. આ બાબતમાં કોઈને મતભેદ ન હોવો જોઈએ. કાર્ય કારણ ભાવની ઉપેક્ષા કરી, ક્રમિક આત્મવિકાસના સિદ્ધાંતને છોડીને, 'અક્રમ વિજ્ઞાન' ની વાતો કરનાર-મતોન્માદ આજ પણ કોઈ કોઈ જગોએ ફેલાયેલ છે.

મુગ્ધ સુગમ કરી સેવન આદરે રે, સેવા અગમ અનૂપ,
દેજો કદાચિત સેવક-યાચનારે, આનન્દઘન રસ રૂપ. (૬)

ચેતન, દુનિયામાં મોટી સંખ્યામાં લોકો સરળ હોય છે. તેઓ પ્રભુ-સેવાના મર્મને, જાણતા નથી. પરમાત્મ-સેવાનું ગૂઢ રહસ્ય અને તેનું અનુપમ સૌંદર્ય તે જ જાણી શકે જે અભય બનેલ છે, અખિન્ન છે, જેનું મિથ્યાત્વ દૂર થયું છે, જેને પાંચમી યોગદષ્ટિ મળી છે, જેમને પાપનાશક સદ્‌ગુરૂ સંગમ થયો છે અને જેણે અધ્યાત્મ ગ્રન્થોનું શ્રવણ મનન અને પરિશીલન કર્યું છે.

હે આનન્દ પૂર્ણ! હે રસપૂર્ણ પરમાત્મન્! ક્યારેક આવી સેવા કરવાનું સૌભાગ્ય મને આપજો. સેવકને બીજું કશું જોઈતું નથી. બસ, આપની અગમ-અનુપમ સેવા ચાહું છું.

( **તા. ક.** : કવિવરે સેવા માગીને કેવી ગુણસમૃદ્ધિ માંગી લીધી છે. આપણે સહુ પરમાત્મા પાસે આવી સેવા કરવાની યોગ્યતા, માગીએ. )

'અરિહંત'ના સૌજન્યથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વસુદેવ હિણ્ડી (હિન્ડી)

લે. પ. પૂ. સંઘદાસ ગણિ.

પ્રાકૃત જૈન સાહિત્યમાં સહુથી પ્રાચીન કથા છ ભાગોમાં વિભક્ત છે :

**(૧) કથોત્પત્તિ (૨) પીઠિકા (૩) મુખ (૪) પ્રતિમુખ (૫) શરીર અને (૬) ઉપસંહાર.**

**વસુદેવનો પૂર્વભવ :—**

મગધ દેશમાં એક ગરીબ બ્રાહ્મણ રહેતો હતો. તેને નન્દીસેન નામે પુત્ર હતો. નન્દીસેન નાની વયમાં હતો ત્યારે તેના પિતા માતા મૃત્યુ પામ્યા. તેને કમનશીબ માની, લોકોએ પણ તેનો ત્યાગ કર્યો.

પરંતુ તેના મામાને નન્દીસેન પ્રત્યે દયા થઈ આવી. તેઓ તેને પોતાને ઘેર લઈ આવ્યા. તેને કહ્યું, તું મારી ગાય-ભેંસોની સંભાળ રાખ હું મારી કોઇ એક પુત્રી સાથે તારા લગ્ન કરી આપીશ.

નન્દીસેનના મામાને ત્રણ પુત્રીઓ હતી. પહેલી પુત્રી મોટી થઈ ત્યારે તેને માલૂમ પડયું કે તેના વિવાહ નન્દીસેન સાથે થશે. તરતજ તેણે તે વાતનો અસ્વિકાર કર્યો. તેણે જણાવી દીધું કે તે તો ભિખારીથી પણ ઉતરતી કક્ષાનો છે. હું તેની સાથે લગ્ન નહીં કરી શકું જો જબર્દસ્તી થશે તો હું આત્મહત્યા કરીશ. ત્યારે તેના મામાએ બીજી કન્યાને વિવાહ માટે વાત કરી. તેણે પણ નાખુશી વ્યક્ત કરી. જ્યારે ત્રીજી પુત્રીને કહેવામાં આવ્યું ત્યારે તેણે સ્પષ્ટતાપૂર્વક કહ્યું કે તેની સાથે વિવાહ નહિ કરે.

છતાં પણ મામાએ કહ્યું, "નન્દીસેન, હતાશ ન થતો. હું તારો વિવાહ બીજી કોઇ છોકરી સાથે કરાવી આપીશ."

પણ નન્દીસેન વિચારવા લાગ્યો, "જ્યારે મારા મામાની પુત્રી વિવાહ માટે તૈયાર નથી તો બીજી કોઈ છોકરી કેમ તૈયાર થશે?"

તેથી નન્દીસેન દુઃખી બની મામાનું ઘર ત્યજીને રચણપુર ચાલ્યો ગયો.

વસન્ત ઋતુનો સમય હતો. તેની જેવડી ઉંમરના તરૂણો નાની વયની છોકરીઓ સાથે આમોદ-પ્રમોદ કરતા હતા, તે જોઈને, નન્દીસેનને પોતાના જીવન પર નફરત આવી. તેણે મનોમન નક્કી કર્યું-પોતે આત્મહત્યા કરી લેશે.

જે ક્ષણે નન્દીસેને આત્મહત્યા કરવાની તૈયારી કરી તેજ ક્ષણે એક મુનિએ તેને જોયો. તેમણે તેને આત્મહત્યા કરતો રોકયો. તેમણે કહ્યું, "આત્મહત્યા મહાપાપ છે. વધારે સારું તો એ છે કે તું સાધુ-શ્રમણોની સેવા કર. પૂર્ણ શક્તિથી સેવા કર. તેથી તારૂં કલ્યાણ થશે" આ વાત નન્દીસેનને ખૂબ રૂચી. તે દિવસથી તેણે તે સેવા વ્રતનો સ્વિકાર કર્યો. સેવામાં તન અને મન પૂરી તાકાતથી લગાવ્યું. સેવાભાવ રગેરગમા પ્રસરી ગયો, જાતની ખેવના નહિ, માન-અપમાનની પરવા નહિ, ખાનપાનની ચિંતા નહિ. અભિલાષા એકજ-આવી સેવા કયાંથી સાંપડે? સેવામાંજ ઓતપ્રોત. સેવા કરતાં મન-મયૂર નાચી ઉઠે; જાણે કે કામઘટ સાંપડયો! કલ્પવૃક્ષનો સહારો મળ્યો! ચિંતામણિ રત્ન અનાયાસે ઉપલબ્ધ થયું!

દિવસો વીત્યા. એક દિવસની વાત. નન્દીસેનના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વ્રતની કસોટી કરવા બે દેવ આવ્યા. પરીક્ષા પણ કેવી? અગ્નિ પરીક્ષા. નન્દીસેન ઉત્તીર્ણ થયા, પ્રસન્ન બની દેવોએ વરદાન માગવા કહ્યું. પરંતુ નન્દીસેને કહ્યું, "મને જૈન ધર્મ મળ્યો તેજ મારા માટે મોટું વરદાન છે." આ સાંભળી દેવો ચાલ્યા ગયા. જીવનભર નન્દીસેને સાધુ-સંતોની સેવા કરી. પરંતુ મૃત્યુ સમયે સંકલ્પ કર્યો–સાધુ સંતોની સેવાથી મને જે કાંઈ પુણ્ય પ્રાપ્ત થયું હોય તો તેના પ્રભાવે મને પરભવમાં એવું રૂપ મળો કે જેથી છોકરીઓ મને જોઈને મુગ્ધ બની જાય."

મૃત્યુ બાદ નન્દીસેન દેવરૂપે ઉત્પન્ન થયા. દેવ–આયુષ્ય પૂર્ણ થતાં, ભરતક્ષેત્રમાં અન્ધકુ વૃષ્ણિના દશમા પુત્ર તરીકે વસુદેવના રૂપમાં જન્મ પામ્યા.

અનેક દિવસો સુધી રાજ્ય કર્યા બાદ અન્ધકુ વૃષ્ણિએ પોતાના મોટા પુત્ર સમુદ્ર વિજયને રાજ્યભાર સોંપી દીક્ષા ગ્રહણ કરી. મુનિધર્મ પાળી તેઓ મોક્ષ પામ્યા.

## કથારંભ

જ્યારે મારી ઉમ્ર આઠ વર્ષની થઈ ત્યારે મને ગુરુગૃહે મોકલવામાં આવ્યો. મેધાવી હોવાથી સ્વબુદ્ધિના યોગે ગુરુનો પ્રેમપાત્ર બન્યો. અભ્યાસના દિવસોમાં એક ગન્ધ વણિક પોતાના પુત્ર કંસને મારી પાસે લાવીને કહ્યું, "આપ આને આપનો સાથી બનાવો." મેં સ્વીકાર કર્યો તે દિવસથી કંસ મારી સાથે રહેવા લાગ્યો. અમે સાથે અભ્યાસ કરવા લાગ્યા.

મારો અભ્યાસ પૂરો થવાનો હતો ત્યારે એક દિવસ મારા મોટાભાઇ પાસે રાજગૃહના રાજવી જરાસંઘનો દૂત આવ્યો અને કહ્યું "મહારાજ જરાસંઘે કહેવરાવ્યું છે કે આપના રાજ્યમાં કોઈ વ્યક્તિ સિંહપુરના રાજાને બન્દી બનાવી, તેમની પાસે રજુ કરે તો તેની સાથે પોતાની પુત્રી જીવયશાના લગ્ન કરાવશે; અને દહેજમાં તેને એક મોટું નગર આપશે." આ સાંભળી હું વડીલ ભાઈ પાસે ગયો. મેં કહ્યું, "આ સુઅવસરનો મને લાભ મળો. હું સિંહરથને બન્દી બનાવી આપની પાસે રજુ કરીશ."

આ સાંભળતાં જ તેઓ હસી પડ્યા. અને બોલ્યા, "તું હજુ બાળક છે. વળી તેં કદી યુદ્ધ ક્ષેત્ર જોયું પણ નથી. તેથી તું ન જઈ શકે."

પણ હું મારા નિર્ણયમાં મક્કમ રહ્યો. છેવટે તેમને કહેવું પડ્યું, "ઠીક ત્યારે તું જા."

હું એક વિરાટ સેના લઈ સિંહપુર પહોંચ્યો. મારા આગમનની વાત જાણી, સિંહરથે પોતાની સેના તૈયાર કરી. પરંતુ હું તેના પર આક્રમણ નહિ કરી શક્યો, મારા સેના નાયકોએ મને તેમ કરતા રોક્યો. કદાચ મારા મોટા ભાઈએ તે પ્રમાણે નિર્દેશ કર્યો હશે. આવો સુયોગ પ્રાપ્ત થતાં સિંહરથ મારી સેનાને ત્રસ્ત કરવા લાગ્યો.

હવે હું ચુપ ન રહી શક્યો. કંસને સારથી બનાવી હું અગ્રસર બન્યો, કંસ મારા રથને સિંહરથ પાસે લઈ આવ્યો. જોકે સિંહરથ યુદ્ધ વિદ્યામાં પારંગત હતો પણ કળા કૌશલ્યમાં તે મારી સમકક્ષ ન હતો. તેથી પહેલી જ વારમાં મેં તેના અશ્વો અને સારથીને હણીને નિશ્ચેષ્ટ બનાવ્યા. તેજ વખતે કંસે લોહમુદ્ગરથી સિંહરથના રથની ધરી ભાંગી નાખીને તેને બન્દીવાન બનાવી દીધો. રજ્જુથી બાંધી, બન્દી બનાવી કંસ મારી પાસે લઈ આવ્યો. સિંહરથને બન્દી બનેલો જોઇ, તેની સેના ભાગી છૂટી.

યુદ્ધ જીતીને હું રાજધાનીમાં પાછો ફર્યો. મારા વિજયથી મારા વડીલ ભાઈ પ્રસન્ન થયા અને સારી પ્રસંસા કરી. પણ એકાન્તમાં બોલાવી કહ્યુ, "વસુ, મેં નૈમિત્તિકને જીવયશાના લક્ષણ પૂછ્યાં છે. તેણે ગણત્રી કરી કહ્યું છે કે જીવયસા પોતાના પિતા તેમજ પતિના કુળની ઘાતક થશે. તેથી જરાસંઘ તને જીવયશા આપવા ઇચ્છે તો પણ તું તે વાત સ્વીકારતા નહિ."



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મેં પ્રત્યુત્તર આપ્યો, "જીવયશા પર મારાથી અધિક હક કંસનો છે, કેમકે સિંહરથને બન્દી બનાવી મારી પાસે લાવ્યો છે. તે સાંભળી તેઓ બોલ્યા, "વણિક પુત્રનાં સાથે રાજકન્યાના લગ્ન તો ન થઈ શકે."

મેં કહ્યું. "યુદ્ધ ક્ષેત્રમાં કંસે ક્ષત્રિયોચિત વીરતા બતાવી છે તે જોતાં તે વણિક પુત્ર લાગતો નથી."

ત્યારે મારા મોટા ભાઈએ ગન્ધવણિકને બોલાવ્યો. કંસ વિષે પૂછતાસ કરી. તેણે કહ્યું, "કંસ મારો પુત્ર નથી. યમુનામાં તણાતો કંસ પાત્રમાંથી મને મળેલ છે. તેમાં એક મુદ્રિકા પણ હતી. તે મુદ્રિકા પર ઉગ્રસેન રાજાનું નામ અંકિત હતું.

તે સાંભળીને મારા ભાઈએ વડીલો સાથે વિચાર-વિનીમય કરી, કંસ સાથે મને રાજગૃહ મોકલ્યો.

ત્યાં પહોંચી, સિંહરથને જરાસંધના હાથમાં સોંપ્યો અને મેં કહ્યું, "ઉગ્રસેનના પુત્ર કંસે સિંહરથને બન્દી બનાવ્યો છે." તે સાંભળી જરાસંધે ખુબ ઉત્સાહ પૂર્વક જીવયશાના લગ્ન કંસ સાથે કરી દીધા. જ્યારે કંસને જાણ થઈ કે તે વણિક પુત્ર નથી પણ રાજપુત્ર છે ત્યારે ઉગ્રસેન પર રોષે ભરાયો, પોતાના પિતાને બન્દી બનાવી, મથુરાના સિંહાસન પર અધિકાર જમાવ્યો.

હું આ સમયે યૌવનના પ્રથમ દ્વાર પર હતો. તેથી હંમેશ નવીન વસ્ત્રાલંકારથી વિભૂષિત બની શહેરમાં ફરવા નીકળતો. જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં સ્વાગત પામતો. તેઓ મારા યશોગાન કરતા. સાથે સાથે હજાર-હજાર યુવતીની દૃષ્ટિ મારી પાછળ પાછળ ચાલતી.

એક દિવસ વડીલ બંધુએ મને બોલાવીને કહ્યું, "વસુ, તું આખો દિવસ અહીં તહીં ફરે છે તેથી તારો સોના શો રંગ કાળાશ પકડી રહ્યા છે. તૂં ઘર પર રહીને ગાવા-બજાવવાનો અભ્યાસ કર." મેં પણ 'તથાસ્તુ' કહી, તે દિવસથી નગરભ્રમણ બંધ કર્યું.

મારા વડીલ બંધુની ધાત્રીની બહેન કુબજા હતી. તે ગન્ધ-દ્રવ્ય માલા વગેરે તૈયાર કરતી. એક દિવસ જ્યારે તે ગન્ધ-દ્રવ્ય લઇ, મારા બંધુના કક્ષ તરફ જઈ રહી હતી ત્યારે મેં તેને રોકી. મજાક કરતા મેં કહ્યુ, "કુબજા, આ ગન્ધ-દ્રવ્ય કોને માટે લઇ જાય છે?

તેણે તિરછી નજરથી મારા તરફ જોઇ, કહ્યું; "મહારાજા માટે."

ત્યારે મેં રહસ્યમય હાસ્ય કરી કહ્યુ, "શું મારા માટે નહિ?"

તે સ્હેજ મુસ્કાન કરી બોલી, "તમે તો અપરાધી છો તેથી આપને ગન્ધ-દ્રવ્ય આપવાનો નિષેધ છે." હું તેના કથનનું તાત્પર્ય સમજ્યો નહિ છતાં ન જાને શું વિચારી જબર્દસ્તાથી તેના હાથમાંથી ગન્ધ-દ્રવ્ય વગેરે મેં છીનવી લીધા.

તેથી તેણે કૃત્રિમ ક્રોધ કરીને જણાવ્યું, "તમારી આ સરારતને કારણેજ મહારાજાએ તમને ઘરમાં બન્દી બનાવ્યા છે. કયાંય પણ જવા દેતા નથી."

મને લાગ્યું કે તેના કથનમાં કંઈક સચ્ચાઇ છે. તેથી મેં તેને સ્પષ્ટ હકીકત જણાવવા કહ્યું. પરંતુ તે કોઈ રીતે કશું પણ જણાવવા તૈયાર ન થઇ. ફક્ત કહ્યું, "રાજાની મનાઈ છે."

ત્યારે હું તેની સમક્ષ હાથ-પગ જોડવા લાગ્યો. અને કહ્યું, "કુબજા, મારા સોગન છે સત્ય બતાવો. કયા અપરાધ માટે મહારાજે મને ઘરમાં બન્ધ કરી રાખેલ છે? પણ કુબજાની તો એકજ વાત રાજાની મનાઇ છે.

મેં ત્યારે તેને વીંટી ભેટમાં આપી. "કુબજા, તું મને જણાવી દે. હું કોઇને તે વાત કરીશ નહિ."

ત્યારે કુબજાએ ધીરે-ધીરે સારી વાત જણાવી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"એક દિવસ નગરવાસીઓ રાજા પાંસે તમારી ફરિયાદ લઈને આવ્યા હતા. તેમણે રાજાને કહ્યું, કુમારનું રૂપ શરદ્દઋતુના ચંદ્ર સમાન છે. તેમનો સ્વભાવ પણ નિર્મળ છે. તેથી તે સહુના પ્રિય છે. પરંતુ પોતાના રૂપને કારણે તે જ્યાં જાય છે ત્યાં તરુણ તેમની પાછળ જાય છે. અને છોકરીઓ તેમને એકવાર જોવા માટે વાતાયનો પાસે, દ્વાર પાસે ચિત્રમાં અંકિત યક્ષિણીઓ જેમ ઉભી રહે છે–એટલે સુધી કે સ્વપ્નમાં પણ વસુદેવ–વસુદેવ કહેતી બૂમ પાડી ઉઠે છે. બજારમાં ફળ–મૂળ ખરીદતાં વસુદેવનું શું મૂલ્ય–એમ પૂછી લે છે. ગાય–વાછરડાને દોરડાથી બાંધવાને બદલે પોતાના પુત્રોના ગળામાં રસ્સી બાંધી દે છે. મહારાજા, આ રીતે વસુદેવ માટે પાગલ બનતી હોવાથી ઘરમાં દેવતાની પૂજા થતી નથી. અતિથિગણ અવહેલના પામી પાછા જાય છે. તેથી આપને વિનંતી છે કે કુમાર નગર ભ્રમણમાં ન નીકળે." આ સાંભળી રાજાએ તેમને આશ્વસ્ત બનાવી, ઘેર જવાની અનુજ્ઞા આપી અને કહ્યું, "તે માટે હું વ્યવસ્થા કરીશ." તે સમયે હું ત્યાં હતી. તેમણે આ વાત તમને કહેવાની વારંવાર મનાઈ કરી છે.

મારે જે જાણવું હતું તે મેં જાણી લીધું. હવે જો બહાર જવાની ચેષ્ટા કરૂં તો બળજબરીથી મને ઘરમાં જ રાખશે. હવે મારે અહીં રહેવું ઉચિત નથી. એમ વિચારી મેં કેટલીક ગોળીઓ ખાઈ. જેથી થોડો સમય મારૂં રૂપ પરિવર્તન પામે. પછી સંધ્યા સમયે મારા એક નોકર વલ્લભને લઇને મેં રાજમહેલનો ત્યાગ કર્યો. રાત્રિના અંધકારમાં શહેરમાં થઈને હું સ્મશાન પહોંચ્યો. નશીબ જોગે ત્યાં એક મૃતદેહ પડયો હતો. મેં વલ્લભને ચિતા તૈયાર કરવાનું કહ્યું, ચિતા જવલંત બનતા હું ચિતામાં પ્રવેશી દેહ-ત્યાગ કરીશ–એમ વલ્લભને કહ્યું. પરંતુ તે પહેલા ધન–રત્ન વગેરેનું દાન કરવા ઇચ્છુ છું, તેથી તું જલ્દી જઈને મારા બિછાના પર પડી રહેલી રત્ન–પેટી લઈ આવ. ઉતાવળમાં હું તે લેવી ભૂલી ગયો છું.

વલ્લભે કહ્યું, દેવ, જો આપ ચિતામાં પ્રવેશ કરશો તો હું પણ તેમ કરીશ."

મેં હસીને કહ્યું, "તારી ઇચ્છા મુજબ કરજે, પરંતુ અત્યારે તો તે પેટી જલ્દી લઈ આવ. જો, આ વાત કોઈને કરતો નહિ."

આ બાબતની સંમત્તિ આપી વલ્લભ પેટી લેવા ચાલ્યો ગયો.

તે ગયો કે તરતજ મેં શબને ચિતામાં મૂકી અગ્નિ પ્રજ્વલિત કર્યો. પછી મેં ભાઈ અને ભાભીઓને એક પત્ર લખ્યો–જો કે હું નિરપરાધી છું છતાં નગરવાસીઓએ મને અભિયુક્ત કર્યો છે તેથી હું ચિતામાં પ્રવેશી દેહ ત્યાગ કરૂં છું. તે પત્ર મેં ચિતા પાસે એક વાંસ પર લટકાવી, તે સ્થાનનો જલ્દી ત્યાગ કર્યો, અને જે રસ્તેથી કમ લોકો જતા તે રસ્તે હું આગળ ચાલવા લાગ્યો. (ક્રમશઃ)

'તિત્થયર'ના સૌજન્યથી

અનુવાદક : પી. આર. સલોત

## ક્ષમા યાચના

આ માસિક અંકમાં કોઈ અશુદ્ધિ રહી ગઈ હોય અથવા કોઇ ક્ષતિ મુદ્રણ દોષ હોય તો તે માટે મનસા, વચસા, મિચ્છામિ દુક્કડમ્. તંત્રી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "જીવદયા ઉપર ભીમ અને સોમની કથા"

લેખક : પ.પૂ૦ આ.શ્રી કૈલાસસાગરસૂરિજી મ. સા. ના શિષ્ય રત્ન
મુનિશ્રી નીતિસાગરજી મહારાજ સાહેબ

હું વૈતાઢ્ય પર્વત ઉપર વિદ્યાધરોને વિષે અગ્રેસર જયંત નામનો રાજા હતો. એકદા સૂર્યને ગ્રહણ થયેલ જોઈ તત્કાલ પ્રતિબોધ પામી મેં દીક્ષા ગ્રહણ કરી. અનુક્રમે હું શ્રુતનો પારગામી થયો. એકદા ગુરૂની આજ્ઞાથી એકલવિહારી થઈ ચોમાસામાં વિંધ્યાચળ પર્વતની ગુફામાં ચાર માસના ઉપવાસ કરી ચોમાસું રહ્યો. આ ગુફાથી બે યોજન દૂર ગિરિદુર્ગ નામનું એક નગર છે. ત્યાં સુનંદ નામનો રાજા રાજ્ય કરે છે. તે રાજાને ભીમ અને સોમ નામનાં બે સુભટો-સેવકો છે. ગુફાથી એક ગાઉ દુર તે રાજાનું ગોકુળ રહેલું છે. તે ગોકુળનું રક્ષણ કરવા માટે રાજાની આજ્ઞાથી તે બન્ને સેવકો ઘણે ભાગે ત્યાંજ રહે છે. એકદા તે બંને શિકાર કરવા માટે ગુફાની પાસે આવ્યા. ત્યાં મૃગના ટોળાને જોઈ તેમણે તેના પર ઘણા બાણો મૂકયાં. પરંતુ નજીક છતાં પણ એકે બાણ કોઇ પણ મૃગને લાગ્યું નહી ત પ્રમાણે જોઈ તે બંને રાજસેવકો વિસ્મય પામ્યા પછી તે મૃગનું ટોળું અમારી પાસે આવ્યું અને હર્ષથી ધર્મદેશના સાંભળવા લાગ્યું. તેની પાછળ ચાલતા તે સેવકો પણ ત્યાં આવ્યા અને મને જોઈ તેઓએ વિચાર્યું કે— "ખરેખર આ મુનિના મહિમાથી જ મૃગલાઓને આપણા બાણો લાગ્યાં નહીં. કારણ કે તપસ્વીઓ સમગ્ર જગતના પ્રાણીઓનો નિગ્રહ અને અનુગ્રહ કરવાને સમર્થ હોય છે." આ પ્રમાણે વિચારી હૃદયમાં વિસ્મય તથા ભયને પામેલા તે બન્નેએ મને પ્રણામ કર્યા અને કહ્યું—"હે તપસ્વી! અમારા આ અપરાધને ક્ષમા કરો. અમને ભસ્મસાત્ કરશો નહીં, અમે તમારા મૃગોને મારશું નહી." તે સાંભળી મેં કૃપાથી ધર્મલાભની આશિષ વડે તેમને આનંદ પમાડી કહ્યું કે—"તમને અભય હો. પરંતુ તમે ધર્મનું રહસ્ય સાંભળો. જીવોને હંમેશાં સુખ જ પ્રિય હોય છે અને સર્વે જીવો જીવિતને જ ઈચ્છે છે. તથા તે જીવોનાં જીવિતનું હરણ કરવાથી તમે નરકના અતિથી થશો. પ્રાણીઓનું માંસ ખાવાથી, પરસ્ત્રી પ્રત્યે ગમન કરવાથી અને પંચેદ્રિય પ્રાણીનો વધ કરવાથી જીવની અવશ્ય નરકગતિજ થાય છે; અને હિંસા નહી કરવાથી પ્રાણીઓને ઉત્કૃષ્ટ આરોગ્ય, આયુષ્ય, બળ, યશ, રૂપ, નિત્યસુખ અને કલ્યાણ પ્રાપ્ત થાય છે" આ પ્રમાણે ધર્મ સાંભળી તે બન્ને બુદ્ધિમાન રાજસેવકો પ્રતિબોધ પામી સમકિત સહિત પહેલું અણુવ્રત અને માંસના આહારનો નિષેધ અંગીકાર કરી અમને હર્ષથી અને ભક્તિથી વાંદી પોતાને સ્થાને ગયા અને અંગીકાર કરેલા તે ધર્મને નિરંતર પાળવા લાગ્યા.

એકદા મિથ્યાદષ્ટિ અને હિંસક એવા તેમના રાજાએ કોઈની પાસેથી તેમનો આ વૃત્તાંત સાંભળી ક્રોધથી તેમને આજ્ઞા આપી કે—"હે સેવકો! મને આજે મૃગનુ માંસ ખાવાની ઇચ્છા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થઈ છે. તેથી તમે બન્ને વનમાં જઈ શિઘ્રપણે જુદો જુદો શિકાર કરી મૃગોને મારી લાવો" આ પ્રમાણે રાજાની આજ્ઞા સાંભળી "આજે તો મૃગો મળ્યા જ નહી એવો ઉત્તર આપશુ" એમ વિચારતાં તે બન્ને સેવકો વનમાં ગયાં ત્વાં દૈવયોગે મૃગોને જોઈ ભીમે વિચાર કર્યો કે "જો આ મૃગોને હું હણું તો મારા વ્રતનો ભંગ થાય છે, અને જો નથી હણતો તો સ્વામીના ક્રોધનું પરિણામ ભયંકર આવવા સંભવ છે. અથવા તો હું પરતંત્ર છુ તેથી મને વ્રતભંગનો દોષ કાંઈ પણ લાગશે નહી, વળી વ્રતનું ફળ તો પરલોકમાં મળશે, પણ સ્વામીનો ક્રોધ તો આજે જ ફળશે" આ પ્રમાણે વિચારી સોમે તેનો ઘણી રીતે નિષેધ કર્યો. તો પણ તે ભીમે બાણો વડે મૃગોને હણી તેને લઇ જઈ રાજાને આપ્યાં. હવે સોમે વિચાર કર્યો કે **"મારા પ્રાણના રક્ષણને માટે મારે અન્યના પ્રાણ શા માટે હરવા જોઇએ? જેમ મારા પ્રાણ મને પ્રિય છે, તેમ અન્ય પ્રાણીઓને પણ પોતાના પ્રાણ પ્રિય જ હોય છે.** રાજા કોપ કરે કે ન કરે. અથવા મારા પ્રાણ હરે કે ન હરે પરંતુ હું મૃગને મારી મારૂં વ્રત ભાંગીશ નહીં.

(ક્રમશઃ)




## પ્રગટ થઈ ચૂકેલ છે

**સુમતિનાથ ચરિત્ર ભાગ–૧ લો** તથા **શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ–૨ જો** જેની મર્યાદીત નકલો હોવાથી તાત્કાલિક મંગાવી લેવા વિનંતી છે. અને તે બન્ને ભાગો મૂળ કીંમતે આપવાના છે.

**શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ–૧ લો** (પૃષ્ઠ સંખ્યા–૨૨૪) કીંમત રૂપિયા પંદર.

**શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ–૨ જો** (પૃષ્ઠ સંખ્યા–૪૪૦) કીંમત રૂપિયા પાંત્રીશ.

—: સ્થળ :—

**શ્રી જૈન આત્માનંદ સભા**

ઠે. ખારગેટ : **ભાવનગર** : (સૌરાષ્ટ્ર)

**તા. ક.** : બહારગામના ગ્રાહકોને પોસ્ટેજ ખર્ચ અલગ આપવાનો રહેશે.




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શું બનશો ?
# ગુણવાન-ગુણાનુરાગી-કે ગુણદ્વેષી !

( લેખક : ડૉ. ભાયલાલ એમ. બાવીશી M.B.B.S., F.C.G.P. પાલીતાણા )

આ સંસારમાં ગુણદોષથી ભરેલા અનેક જીવો વિહરે છે. તેમાં પોતાના ગુણોને મ્હોટા કરી બતાવવા અને પરના દોષોને વધારે મોટા કરી બતાવવા એ યોગ્ય નથી. માનવ સ્વભાવ પ્રમાણે માનવી પોતાની પ્રશંસા થાય, વખાણ થાય એવું જ્યારે પોતાનું મહત્વ વધારે દેખાડવા પરને વખોડે છે.

ગુણવાન ગૃહસ્થ અનેક ગુણોથી ભરેલો હોય છે. છતાં તેનું અભિમાન કરતો નથી કે ફુલાતો નથી. ઉલ્ટો લાઘવતા દાખવે છે. પોતે કાંઈ જ નથી એમ સ્વીકારે છે. અન્યના ગુણો જોઈ રાજી થાય છે. જ્યારે ગુણાનુરાગી માનવી પોતે ભલે ગુણો ધરાવતો ન હોય કે ગુણવાન ના હોય છતાં પોતે અન્યના ગુણો દેખી ખુશી થાય છે. અની પ્રશંસા કરે છે. પોતે એ ગુણો ધરાવતો નથી એથી દુઃખી થાય છે. પરન્તુ અન્યનાં ગુણો જોઈ ગુણાનુરાગ કરે છે. એને નમન કરે છે. અને જગતમાં આવા ગુણીજનો જોઈ રાજી થાય છે. જ્યારે જગતમાં ગુણદ્વેષી પણ માણસો વસે છે. તેઓ અન્યના ગુણો જોઈ શકતા નથી. અરે! જોઇને નાખુશ થાય છે. દ્વેષ કરે છે, વખોડે છે. પોતે ભલે એ ગુણો પાળતા નથી. પણ બીજાને પણ પાળતા જોઇ દુઃખી થાય છે. ચાડી-ચુગલી કરવી એ જ એનો વ્યવસાય બની જાય છે. પરને ઉંચે આવતા કે સમૃદ્ધ થતા જોઈ શકતો નથી, એનો દ્વેષ કરે છે, અને થતી પ્રશંસા ગમતી નથી.

આવા ગુણવાન, ગુણાનુરાગી અને ગુણદ્વેષી માણસો આ સંસારમાં વસે છે, અને પોતાની રીતે પ્રવર્તે છે. આ બાબતે એક વ્યાખ્યાનમાં સાંભળેલ તેનો દાખલો રજુ કરવાથી ગુણ પર્યાયનો અર્થ બરોબર સમજાશે એમ માની એ દાખલો ટાંકુ છું.-

રાજગૃહી નગરીમાં એક પંચમહાવ્રતધારી, પાંચ સમિતિને ત્રણ ગુપ્તિ ધારણ કરતાં એક સાધુ મહાત્મા વસે છે. તેઓ ઉપાશ્રયમાંથી ગોચરી વ્હોરવા એક શ્રાવકને ત્યાં પધાર્યા. 'ધર્મલાભ' કહી પોતાની હાજરી દર્શાવી. અને શાંત ચિત્તે ઉભા રહ્યા. શ્રાવિકા 'ધર્મલાભ' શબ્દ સાંભળી તુરતજ રસોડામાંથી બહાર આવી અને પૂ• સાધુ-મહાત્માને વંદન કરી, માથુ નમાવી બોલી 'ગુરૂદેવ, લાભ આપો.' પરન્તુ સાધુ-મહાત્મા ઉંચુ-નીચું જોઈ ગોચરી વ્હોર્યા વિના જ બહાર નીકળી ગયા. આથી શ્રાવિકાને બહુ દુઃખ થયું, કે પંચમહાવ્રતધારી સાધુ-મહાત્મા પોતાને લાભ આપ્યા વિના જ ચાલી ગયા. મનમાં ને મનમાં પોતાનાં ભાગ્યને દોષ દેતી ઉંબરા પર ઉભી છે, ત્યાં જ સદનસીબે બીજા એક સાધુ-મહાત્મા ત્યાં પધાર્યા અને 'ધર્મલાભ' કહી ઉભા રહ્યા.

પેલી શ્રાવિકા તો ખૂબ જ ખુશી થઈ ગઈ. એક સાધુ-મહાત્મા ગયા તો પોતાના સદનસીબે બીજા સાધુ-મહાત્મા પધાર્યા. તુરત જ વ્હોરાવવા-ની વસ્તુઓ રસોડામાંથી બહાર લાવી. અને વ્હોરાવવા લાગી. પેલા સાધુ-મહાત્માએ વિના સંકોચ બધુજ સારી રીતે વહોર્યું શ્રાવિકાને મનમાં તો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિચાર આવ્યો કે એક સાધુ આવીને વહોર્યા વિના ચાલ્યા ગયા, જ્યારે આ બીજા સાધુએ વિના લપચપ બધું જ વહોર્યું. એને આ બાબતનો ખુલાસો જાણવાની ઈચ્છા થઈ એટલે બોલી.

શ્રાવિકાએ આદરપૂર્વક પૂ૦ સાધુ-મહાત્માને પૂછયું,-'ગુરૂદેવ એક મૂંઝવતો પ્રશ્ન પૂછવા ઈચ્છા છે. આપને માઠું ન લાગે તો પૂછું' પૂ૦ સાધુ-મહાત્માએ જવાબમાં કહ્યું, 'બ્હેનજી, વિના સંકોચ જે કાંઈ પૂછવું હોય તે પૂછો.' ત્યારે શ્રાવિકાએ સ્પષ્ટતાથી પૂછયું-'આપશ્રીની પહેલા એક સાધુ-મહાત્મા પધારેલ. તેમણે કાંઈ વહોર્યું નહિ અને વહોર્યા વિના ચાલ્યા ગયા. અને જ્યારે આપશ્રીએ તો ગમે તે અને ગમે તેટલું વહોર્યું તો આપ બન્નેમાં આ તફાવત જોઈ મને પૂછવાનુ મન થયું.'

પૂ૦ સાધુ-મહાત્માએ સ્પષ્ટતાથી જવાબ આપ્યો,-બ્હેનજી, પહેલા સાધુ આવેલા તે સાચા ને સંયમી સાધુ હતા. જીવ-રક્ષા એમને રોમેરોમ વહી રહી છે. ત્હમારૂં ઘરનુ બારણુ નીચુ હોવાથી જીવ-રક્ષાનો કદાચ ખ્યાલ ન રહે એ !! એમણે કાંઈ જ વહોર્યું નહિ. એમને હું જાણું છું, એ પંચમહાવ્રતધારી સંયમી સાધુ છે. જ્યારે હું તો દીક્ષા લીધા પછી પણ કેટલોક આચાર પાળી શકતો નથી. માત્ર વેષધારી છું. પણ ભલે હું સંયમ પાળી નથી શકતો પણ અન્યને પાળતાં જોઈ હું ખુશી થાઉ છું. તેઓ પોતાના આત્મા માટે કાંઈ કરી રહ્યા છે. એમને ધન્યવાદ છે. કહો કે હું વેષધારી છું છતાં ગુણાનુરાગી દુઃખી આત્માઓનાં ગુણો જોઈ મને આનંદ છે. અને ધન્ય છે. એમ કહી ચાલ્યા ગયા.

શ્રાવિકાને વિચાર આવ્યા જ કર્યો કે પહેલા સાધુ-મહાત્મા તો ગુણવાન હતા. ગુણના ભંડાર સમા હતા. તે તો વંદનીય છે જ પરન્તુ બીજા સાધુ-મહાત્મા ભલે પોતે આચાર-વિચાર પાળી શકતા નથી છતાં તેઓ એટલા નિખાલસ છે કે પોતે પાળી શકતા નથી. એ સ્પષ્ટ સ્વીકારે છે. આવા માણસો સંસારમાં ઓછા હોય છે. જે પોતાની શિથિલતા સ્વીકારી અને અન્યના ગુણોને વખાણે છે. આમ વિચારતા હતા ત્યાં અચાનક જ એક સાધુ-મહાત્મા પધાર્યા. શ્રાવિકા તો ખુશી-ખુશી થઈ ગઈ કે ત્રણ ત્રણ સાધુ-મહાત્માને વ્હેરાવવાનો લાભ મળ્યો.

ત્રીજા સાધુ-મહાત્માએ પણ ઠીક ઠીક વહોર્યું એટલે શ્રાવિકાએ બીજા મહાત્માને પૂછેલ પ્રશ્ન પૂછયો. તેને તેમણે ધૃષ્ટતાથી અને તિરસ્કારથી જવાબ આપ્યો, 'હે શ્રાવિકા, આ બન્ને સાધુઓને હું જાણું છું. બન્ને ઢોંગી અને દંભી છે. ત્હમને બધાને બનાવી પોતાનુ પેટ ભરે છે, પ્રથમ સાધુ તો એટલો દંભી છે કે શુદ્ધિ અને જીવદયાની વાતો કરી એ પોતાની સારી છાપ પાડે છે. જ્યારે બીજો સાધુ પોતે દંભી નથી ને નિખાલસ અને સરળ છે-સાચા બોલો છે, એવી છાપ ઉપસાવી પોતાના વ્યવહાર ચલાવે છે, નિભાવ કરે છે. આવા દંભી સાધુઓ સમાજને છેતરે છે. અને બનાવટ કરે છે. આવું ત્રીજા સાધુનું વલણ શ્રાવિકાને ગમ્યું નહિ. તેણે તો બીજાઓની કુથલી જ કરી. જે યોગ્ય જ નહોતું અને અત્યંત ઘૃણા થઈ કે સાધુ-મહાત્મા થઈ આવું તિરસ્કારભર્યું વલણ રાખે છે.

આમ આપણે દૃષ્ટાન્તમાં ત્રણ જાતના સાધુઓનું વલણ જોયું. જેમાં પ્રથમ ગુણી-ગુણવાન અને સંયમી હતા, બીજા માત્ર વેષધારી છતાં ગુણાનુરાગી હતા. જ્યારે ત્રીજા સાધુ-મહાત્મા તો ગુણદ્વેષી હતા. તેમણે બન્ને સાધુઓ વિષે વિરૂદ્ધમાં કહેવાનું બાકી રાખ્યું નહિ.

એટલે ગુરૂદેવ વ્યાખ્યાનમાં છેવટ સમજાવ્યું કે ગુણી સજ્જના હોય, સંયમી હોય, ચારિત્ર્યવાન હોય, તેમને તો વંદન કરવા, કદાચ ન બને તો અન્યના ગુણો જોઈ એનો રાગ કરવો. ગુણાનુરાગી બનવુ પણ ગુણદ્વેષી તો ન જ બનવું. તો આપણે કવચિત ગુણ ગ્રહણ કરવાની તક રહેશે, અને જીવન ધન્ય બનશે.



For Private And Personal Use Only

# સતી સુરસુંદરી



લેખક :- પ. પૂ. આ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મ. સા.
ના શિષ્ય પૂ. મુનિરાજ શ્રી દાનવિજયજી મ. સા.

હપ્તો ૭ મો : ( ગતાંકથી ચાલુ )

અનાદિકાળથી જન્મ જરા અને મૃત્યુનો ચકરાવો ચાલ્યા જ કરે છે. જન્મનુ દુઃખ. જરા એટલે ઘડપણનુ દુઃખ ને મૃત્યુનુ દુઃખ. આ રીતે દુઃખભર્યા સંસારમાં સાચુ સુખ કોણ આપી શકે?

રાજા સુગ્રીવ પૂર્વની રાત્રીએ પોતાના પ્રાણ વલ્લભા! કમલાવતી સાથે વિનોદ વાર્તામાં મસ્ત બની ગયો હતો. એ રાત્રીએ કોને ખબર હતી કે પોતાની વહાલી કમલાવતી કરમાઇ જશે?

નિરવ રાત્રી પથરાયેલી હતી. આખુ નગર નિંદ્રાદેવીને ખોળે પોઢી ગયુ હતું. રાજા અને રાણી પણ નીરાંતે ઉંઘતા હતાં. સુખભરી રાત્રી સુખમાં જ વ્યતિત થઇ. વહેલી સવારે મેઘરાજાની સવારી પડઘમ વગાડતી આવી પહોંચી. કાળા કાળા ડિમાંગ વાદળા આવી પહોંચ્યાં. વિજળીના ચમકારા થવા લાગ્યાં. જોતજોતામાં વરસાદે એક ઝાપટે નગરને પાણીથી તરબોળ કરી નાંખ્યું. એ સમયે વિજળીનો એક કડાકો થયો. નગરજનો સફાળા જાગી ગયાં. રાજાની ઉંઘમાં ખલેલ પહોંચી.

ભાવિની ભિતરમાં શું છુપાયુ હોય છે તે તો જ્ઞાની જાણે. રે કુદરત તું તો ઘડીમાં હસાવે ને ઘડીમાં રડાવે. રે કર્મ તું તો સમગ્ર જગતના લોકોને ટચલી આંગળીએ નચાવે. તારી કળા ન્યારી છે.

રાજા સુગ્રીવ વિજળીનો કડાકો સાંભળીને એકદમ બેઠા થયાં. શયનગૃહમાંથી ઝરૂખામાં આવીને બેઠાં ને આકાશ તરફ દ્રષ્ટિ કરી.

મેઘરાજાનુ તાંડવ નૃત્ય શરૂ થયું, કાળા ઘનઘોર વાદળમાંથી વિજળી ચમકારા મારે છે, જાણે દરમાંથી મુખ બહાર આવીને સર્પ પોતાની લપકારા મારતી જીભ બહાર કાઢે ને અંદર લે. તેમ ભયજનક વિજળી ક્ષણમાં બહાર આવીને અદ્રશ્ય થઇ જાય. રાણી કમલાવતી પણ પથારીમાંથી ઉભી થઇને સ્વામીનાથ સુગ્રીવ પાસે આવીને બેઠી. રાજાએ આંગળી ચિંધણું કરીને કહ્યું દેવી! પે....લી વિજળી કેવી ચમકે છે. જાણે હમણા જ નીચે પડશે....

કાળા વાદળમાંથી કાળ ડોકયું કરતો હોય તેમ વિજળી બહાર આવી થોડી નીચે સરકીને અદ્રશ્ય થતી હતી, આ રીતે ગગન મંડળમાં મેઘનુ નૃત્ય ચાલતુ હતું.

પ્રાતઃ સમયે રાજાના આવાસે વસુદત્ત કંચુકીએ આવીને કહ્યું રાજન! ચંપાનગરીમાં આપે રાજા કીર્તિવર્મ પાસે દામોદર નામે દુતને મોકલ્યો હતો તે હાલમાં અહીં આવ્યો છે. આપના દર્શન કરવા માટે દ્વારે આવીને ઉભો છે.

વસુદત્તની વાત જાણીને રાજા ત્યાંથી કમલાવતીને કહીને સભાસ્થાને આવવા માટે નીકળ્યો. ત્યાંજ એક જ ક્ષણમાં મોટા કડાકા સાથે વિજળી ત્રાટકી.



For Private And Personal Use Only

વિજળીના ભયંકર અવાજે તો સમગ્ર નગરીને જાણે હચમચાવી નાંખી મોટા કડાકા સાથે પડેલી વિજળીએ કાળો કેર વર્તાવ્યો. રાણી કમલાવતીએ મોટી ચીસ પાડી, રાજમહેલ તરફ બુમરાણ મચ્યું. લોકો બચાવો...બચાવો....દોડો....દો...ડો....ની બુમો મારતા રાજમહેલમાં દોડયાં, રાજાએ જોયું કે લોકો રાજમહેલ તરફ દોડે છે. તો નક્કી કાંઈક બન્યું હશે. રાજા સુગ્રીવ પાછો રાજામહેલમાં આવ્યો. લોકોના ટોળા વચ્ચે રાણી કમલાવતીને નિશ્ચેષ્ટ પડેલી જોઈ તેનો દેહ બળીને શ્યામ થઈ ગયો હતો.

રાજા તો પોતાની પ્રાણ વલ્લભા કમલાવતીની આવી દશા જોઈને કલ્પાંત કરવા લાગ્યો.

રે વિધાતા તેં આ શું કર્યું ? મારૂ સમગ્ર સુખ તે છીનવી લીધુ. મારી પ્રાણપ્રિયાને તેં રહેંસી નાંખી રે કુદરત ! મેં તારૂં શું બગાડયું ! કે મને એકાએક દુઃખના દરિયામાં ફેંકી દીધો.

વિલાપ કરતો રાજા રાણીની દશા જોઈ મૂર્છા પામ્યા—સેવકોએ શીતોપચાર કરીને રાજાને સ્વસ્થ કર્યાં. દુખિતહૃદયે રાજા બોલ્યા.

હે વ્હાલી પ્રાણેશ ! તને આવું એકાએક શું થઈ ગયું બોલને....કેમ નથી બોલતી. પોતાના ખોળામાં પ્રાણપ્રિયાનું મસ્તક લઇ હૈયાફાટ રૂદન કરતા રાજાને જોઈ લોકો નિરાશ વદને આંસુ સારી રહ્યા છે

સુમતી મંત્રીએ નજદિક આવીને રાજાને કહ્યું, રાજન ! બનવાકાળ બની ગયું. આ રીતે વિલાપ કરવાથી હવે શો ફાયદો. આપતો સમજુ છો, જ્ઞાની છો. આવા સમયે તો આપે જ અમોને શાંત્વન આપવુ જોઈએ.

મંત્રીશ્વર ! મને સમજાતુ નથી આવુ એકાએક કેમ બની ગયું. મારૂ સર્વસ્વ સુખ ક્ષણમાં ચાલ્યું ગયુ, હવે મારે જીવીને શું કામ છે. આનંદ કિલ્લોલ કરતી મારી વલ્લભીને કાળના વિકરાળ પંજાએ ક્ષણમાં પીંખી નાંખી, હવે મારી સુખદુઃખની વાત હું કોની પાસે કરીશ ? મારે જીવન હવે મને પણ મૃત્યુ સમુ ભાસે છે. મંત્રીશ્વર આની ચિતા સાથે હું પણ બળીને ભસ્મ થાઉ, મારે હવે જીવવું બહેત્તર છે.

મંત્રીશ્વરે કહ્યું રાજન ! સ્ત્રીની ચિતા પર પુરૂષે બળી મરવું એ તો કાયરોનું કામ, આપને ના શોભે. આપ શાંત થાઓ, આવો કલ્પાંત કરીને મનને ઉદ્વેગમાં ન લાવો.

સુપ્રતિષ્ઠ પિતા પાસે આવીને નિરાધાર વદને રૂદન કરતો આવીને ઉભો. પિતાએ મને માથા પર હાથ ફેરવીને શાંત્વન આપ્યું.

સમય થતાં રાણીની મરણોત્તર ક્રિયાની તૈયાયારીઓ ચાલી. નગરની સ્પર્શીને જતિ નદીના કિનારે રાણીના અંતિમદેહને અગ્નિદાહ દેવામાં આવ્યો.

રાણીનો નશ્વર દેહ પંચભૂતમાં વિલીન થયો. "દુઃખનુ ઔષધ દહાડા" સમય જતા દુઃખ ઓગળવા લાગ્યું, રાજા પોતાના રાજ્ય કારોભારમાં લાગી ગયો.

હે ધનદેવ ! મને મારા પિતાએ મારી માતાના અવસાન પછી આઠ વર્ષે કલાગુરૂ પાસે અભ્યાસ કરવા મૂકયો. મારી બુદ્ધિ અનુસાર સારી રીતે અભ્યાસ કરી હું આગળ આવ્યો. "સમયના વહેણ વહ્યા જ કરે છે" સમય જતા હું યોગ્ય વયનો થયો એટલે પિતાએ મને એક હજાર ગામનુ સ્વામિત્વપણું આપ્યું.

એક દિવસ રાજા સુગ્રીવ રાજસભામાં બેઠા ત્યાં એક સુભગ નામના દ્વારપાલે આવીને સમાચાર આપ્યા કે રાજન ! ચંપાપુરીથી કીર્તિધર્મ રાજાનો મહાંત આપના દર્શનાર્થે આવ્યો છે. રાજાએ કહ્યું ખુશીથી આવવા દો.

રાજાની પાસે આવીને મહાંતે પ્રણામ કરી યોગ્ય સ્થાન લીધુ, રાજાએ તાંબુલ આપીને પૂછયુ કહો શાને માટે આવવાનુ થયું.

આવેલ આંગતુકે કહ્યુ, રાજન ! ચંપાપુરીની

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ખ્યાતી સારાયે વિશ્વમાં વ્યાપેલી છે. ત્યાના સુપ્રસિદ્ધ રાજા કીર્તિધર્મ રાજ્ય કરે છે. તે તો આપના જાણમાં પણ છે. અને દેવાંગનાને પણ સરમાવે તેવી રૂપ લાવણ્યની મૂર્તિ એવી કીર્તિમતી નામની રાણી છે. તેની કુક્ષીએથી પ્રાપ્ત થયેલી અપ્સરા જેવી સર્વકળામાં પ્રવીણ, અને વાક્ચાતુર્યમાં પણ અગ્રેસર જેવી સૌંદર્ય અને સૌભાગ્યની ખાણ સમી કનકવતી નામની પુત્રી છે, તે બીજનાં ચંદ્રમાં સમી વૃદ્ધિ પામતી યુવાવસ્થાને આંગણે આવીને ઉભી છે. તેને માટે યોગ્ય ભરથાર મેળવવા. એક દિવસ દેહ પર આભૂષણોથી સજ્જ થઈ પિતા પાસે આવીને બેઠી હતી. તેના પિતા કીર્તિધર્મ રાજાએ તેને કહ્યું, "બેટા તારે માટે તો એકેકથી ચઢીયાતા રાજકુમારો આ પૃથ્વી પર છે. તું કહે તેની સાથે તારૂ પાણિગ્રહણ કરાવું."

પણ આર્યકુલની મર્યાદાને જાળવનારી કનકવતી નીચા નયણો ઢાળીને લજવંતીના છોડની જેમ શરમાતી મૌન પણે બેઠી છે. તે સમયે રાજાએ કહ્યું બેટા! તારે માટે મેં યોગ્ય વર ગોતી કાઢયો છે, અને તે સિદ્ધપુરનગરના રાજા સુગ્રીવ છે. તે મારો મિત્ર છે, તેની પાસે તું જા અને તેની સાથે તું પાણિગ્રહણ કરજે.

હે રાજન! તમારૂ નામ સાંભળીને આનંદિત થયેલી કનકવતી ત્યાંથી ઉભી થઈને પોતાની રૂમમાં ચાલી ગઈ. ત્યારબાદ રાજા કીર્તિધર્મએ મને કહ્યું કે કનકવતીને લઈને સિદ્ધપુર જાઓ. હે રાજન! રાજાના હુકમથી પૂર્વ તૈયારી કરીને હું કનકવતીને લઈને શુભમુહૂર્તે ત્યાંથી ચાલી નીકળ્યો અને આ તરફ આવતા અનુક્રમે ચાર ગાઉ બાકી રહ્યાં એટલે હું ઘોડા ઉપર આપને આ વાતથી નિવેદીત કરવા આગળ આવ્યો છું.

રાજા સુગ્રીવે સુમતિમંત્રીને તૈયારી કરવા જણાવ્યું થોડા સમયમાં રાજાએ પોતાના પરિવાર સાથે મોટા ઉત્સવપૂર્વક નગરમાં કન્યાનો પ્રવેશ કરાવ્યો અને ઉત્તમ મુહૂર્તે કનકવતી સાથે લગ્ન કર્યું. હે ધનદેવ! મારી અપરમાતા કનકવતી થોડા જ સમયમાં પ્રિતિપાત્ર બની ગઈ અને મારા પિતા તો કનકવતીની માયાજાળમાં ફસાઈ ગયાં જાણે તેને તો કામણ જ કર્યું.

(ક્રમશ)


# શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન

શાશ્વતા તીર્થની ઉપાસના આવા પુનિત પુસ્તકના વાચન દ્વારા વિશેષ રીતે થઇ શકે છે. તેથી આ પુસ્તક દરેક ઘરે વસાવવા જેવું છે.

નવ્વાણુ યાત્રા કરનાર ભાગ્યવંતોને, વર્ષીતપ કરનાર તપસ્વીઓને, તેમજ શ્રી જૈન સંઘના શ્રાવકો અને શ્રાવિકાઓને પ્રભાવનામાં આપવા લાયક પુસ્તક છે. આ પુસ્તકમાં પુનિત તીર્થના પંદર ફોટાઓ છે કિંમત ફક્ત ૬-૦૦ રૂપિયા જે વ્યક્તિ સો કે સોથી વધારે પુસ્તક મંગાવશે તેમને દશ ટકા કમિશન આપવામા આવશે.

શ્રી જૈન આત્માનંદ સભા ખારગેઇટ
ભાવનગર (સારાષ્ટ્ર)


# સ્વર્ગવાસ નોંધ

શ્રી અનોપચંદ ઝવેરભાઈ શાહ ઉં. વર્ષ ૮૦ તા. ૧૩-૭-૮૪ના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી ધાર્મિક વૃત્તિવાળા અને મીલનસર સ્વભાવના હતા. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા, તેઓશ્રીના સ્વર્ગવાસથી સભાને ઘણીજ ખોટ પડી છે. પરમ કૃપાળુ પરમાત્મા તેઓશ્રીના આત્માને શાન્તિ અર્પે તેવી પ્રાર્થના.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ક્ષમાની શરણાઇ

લેખક : પૂ૦ ગણિવર્યશ્રી
દાનવિજયજી મ. સા.
નૂતન ઉપાશ્રય ભાવનગર

જગત્વત્સલ્લ પરમવંદનીય વિભૂતિ કરૂણાના સાગર અને ક્ષમાના ભંડાર ભગવંત મહાવીર પરમાત્મા કૌશાંબી નગરીમાં પધાર્યા.

તેમના પાવન પગલાથી ધરતી હસી રહી છે. વાતાવરણ ખુશનુમય બન્યુ છે, ઉદ્યાન પણ નવ પલ્લવિત બન્યુ છે. કરમાયેલા વૃક્ષો ખીલી ઉઠયા છે. વૃક્ષોની શાખા પર ગેલ કરતાં પક્ષિઓ સુમધુર કલરવ કરી રહ્યા છે. પ્રાકૃતિક સૌંદર્યની સુવાસ ચોમેર પ્રસરી રહી છે. મંદમંદ મધુર વાયુ વાય છે. વાયુની સાથે સાથ મીલાવી હાથે હાથ મીલાવીને વૃક્ષોની શાખાઓ નૃત્ય કરવા લાગી છે. અને લળીલળીને પરમવંદનીય વિભૂતિને નમસ્કાર કરી રહેલી છે. આજે તો સમગ્ર કૌશાંબીનગરી અંતરના આનંદને હિલોળે ચઢી છે.

દેવલોકમાંથી દેવોની વણઝાર કૌશાંબીના ઉદ્યાને આવી પહોંચી. ભગવંતને વંદન કરીને સમવસરણની રચનામાં લાગી ગઈ. અષ્ટ પ્રતિહાર્યો પણ ભગવંતની સેવામાં તત્પર બન્યા છે. સમગ્ર જીવોના આતપને દૂર કરનાર અશોક વૃક્ષ, સમગ્ર વાતાવરણને સુગંધથી સુવાસિત કરનારી સુર પુષ્પવૃષ્ટિ, મંગલમય ધ્વનીને ઉત્પન્ન કરનારી દેવ દુંદુભિ, ભગવંતની ત્રણે ભુવનની ઠકુરાઈ ને વધારનારા શ્વેત ચામરો, તેજસ્વી ભામંડલની દિવ્યપ્રભા, ત્રણ જગતની ઠકુરાઇની કીર્તિ પ્રસરાવનારા ત્રણ છત્રો, અને રત્નમય સિંહાસન, એ રીતે આઠે પ્રતિહાર્યો શોભામાં અભિવૃદ્ધિ કરી રહ્યાં છે. દેવો, તીર્યંચો પણ જેમની દેશના સાંભળીને તરી જાય છે. દેવોને ગાંધર્વો પણ મંત્રમુગ્ધ બની જાય છે. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવકાઓ વગેરે બારે પર્સદા ભગવંતની મીઠીમધુરી દેશના સાંભળવા માટે આવી પહોંચ્યા છે. સૂર્ય અને ચંદ્ર પણ પોતાના મૂળ વિમાનમાંથી નીચે આવીને સમોવસરણમાં દેશના સાંભળે છે.

સાધ્વી મૃગાવતીજી અને ચંદનબાળા પણ ભગવંતની દેશના સાંભળવા આવ્યાં હતાં. **યોજનગામિનિ વાણી મીઠી, સાકરસેતી તરૂણાલેતી મુખે પશુ ચાવતી. અમૃત મીઠુ સ્વર્ગે દીઠુ સુરવધુ ગાવતી.** ઉપમા તો આપવાની શક્તિ કયાંથી લાવવી. ભગવંતની એવી મધુરી દેશના સાંભળવામાં મુગ્ધ બનેલા મૃગાવતીજીને ખબર ના પડી કે ગુરૂણી ઉપાશ્રયે પહોંચી ગયા છે. સૂર્ય-ચંદ્રની હાજરીમાં રાત થવા આવી તેનું લક્ષ ના રહ્યું, જ્યારે સૂર્ય-ચંદ્ર પોતાને સ્થાને ગયા ત્યારે ભયભીત બનેલા મૃગાવતીજી ઉતાવળે ઉતાવળે ઉપાશ્રયે આવ્યાં, ગુરૂણી ચંદનબાળાએ કહ્યું હે આર્યે! કુલિન આત્માને આ રીતે રાત પડતા ઉપાશ્રયે મોડા મોડા આવવું કલ્પે નહિ.

આર્ય સંસ્કૃતિની પ્રતિમા સમી મૃગાવતીએ બે હાથ જોડી વિનમ્રભાવે ક્ષમાપના માંગી. હે ગુરૂદેવ! હવે પછી આવી ભૂલ કદાપિ નહિ થાય મને ક્ષમા આપો.

જેના રોમ રોમમાં સાચો ક્ષમાનો ભાવ છે નીજ અંતર પોતે કરેલી ભૂલથી દ્રવી ગયેલુ છે. આંખમાંથી આંસુ વહી રહ્યાં છે. આત્મિકદષ્ટિએ મનના સંવેદનથી, અંતરના હાર્દથી ભાવવિશુદ્ધિ પૂર્વક ક્ષમાપના માંગી.

ક્ષણમાં જ ચંદનબાળા નિંદ્રાધિન થયા. મૃગાવતી પાટ પાસે બે હાથ જોડીને ગુરૂણી ચંદનબાળાની ક્ષમા માંગી રહ્યા છે. તે સમયે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અંતરપટમાં દિવ્ય પ્રકાશ રેલાયો અને મૃગાવતીને કેવળજ્ઞાન થયું. તે દિવ્ય પ્રકાશમાં ઉપાશ્રયના અંધકારમાં એક કાળો સર્પ ચંદનબાળા પાસે આવતો જોયો. એટલે ચંદનબાળાનો હાથ ઉંચો લીધો કે જેથી સર્પ ઈજા ન પહોંચાડે તેવા સમયે ચંદનબાળા જાગી ગયા અને બોલ્યાં કેમ તુ શુ કરે છે. મારી ઉંઘમાં કેમ ખલેલ પહોંચાડી....મૃગાવતી બોલ્યાં ક્ષમા કરજો, આ બાજુ સર્પ આવતો જોઈને આપનો હાથ ઉંચો કર્યો. ગુરૂણીએ કહ્યું તને કેવી રીતે ખબર પડી કે સર્પ આવ્યો છે, મૃગાવતીએ વિનમ્રભાવે જણાવ્યું ગુરૂદેવ આપના પસાયથી, ગુરૂદેવે જાણ્યું કે મૃગાવતીને ક્ષમાપનાના અંતરભાવના પ્રભાવથી કેવળજ્ઞાન થયુ છે તેથી તુરત પાટ ઉપરથી ઉભા થઈને નીચે ઉતરી તેમણે વિશુદ્ધભાવે મૃગાવતીને ખમાવ્યાં, તેમની ક્ષમાપનાએ તેમને પણ કેવળજ્ઞાન આપ્યું. આ રીતે ક્ષમાપના એ આત્માનુ અપૂર્વ પર્વ છે. નજદિકમાં આવતું આ અપૂર્વ પર્વના દિવસ પરસ્પર આત્માઓ અંતરના પૂર્ણ ભાવથી મન, વચન, અને કાયાના ત્રિવિધ યોગે ખમાવજો અને અંતરમાં ક્ષમાપનાના દીપ પ્રગટાવી ક્રોધ, કષાય, અને રાગદ્વેષના અંધકારને દૂર કરજો.

## —: જૈન આત્માનંદ સભાએ આપેલ પારિતોષિક :—

ભાઈશ્રી આશીષ ચંપકલાલ શાહને ન્યુ એસ. એસ. સી.માં પ્રથમ આવવા બદલ **શ્રી જૈન** આત્માનંદ સભા તરફથી રૂા. ૫૧) નું પારિતોષિક, તેમજ ન્યુ એસ. એસ. સી.માં સંસ્કૃતમાં વધુ માકર્સ મેળવી સર્વ પ્રથમ આવવા બદલ **શ્રી જૈન** આત્માનંદ સભા તરફથી રૂા ૫૧ ) નું પારિતોષિક તેમને આપવામાં આવેલ છે.

ભાઈ આશીષને અમારા હાર્દિક અભિનંદન.


श्री हेमचन्द्राचार्य कृतम् प्राकृत व्याकरणम् ( अष्टमोऽध्यःयः )

શ્રી જૈન આત્માનંદ સભાનું પ્રકાશન-૯૪મું રત્ન છે. સાચા અર્થમાં તે રત્ન જ છે કેમકે તેના વિવિધ કારણો પ્રાકૃત ભાષાના અભ્યાસીને પુનિત ભાષાથી પ્રકાશિત કરે છે. પ્રાચીન પ્રાકૃત ભાષાના વ્યાકરણોમાં આ પુસ્તકનું અદ્વિતીય સ્થાન છે. અર્વાચીન વિદ્વાનોએ આ પુસ્તકને બીરદાવ્યું છે. અભ્યાસીને સંપૂર્ણ જ્ઞાન મળે અને તુલનાત્મક અભ્યાસ થાય તે માટે આ પુસ્તકમાં નવ Appendiees આવેલ છે. જર્મન જેવા દેશમાં તેમજ મહાન વિદ્યાપીઠોની માંગ સારી છે. તેજ તેનું મૂલ્યાંકન છે.

Price Rs. 25-00 Dolar 5-00 Pound 2-10

: પ્રાપ્તિસ્થાન :

**શ્રી આત્માનંદ સભા** ખારગેઈટ, **ભાવનગર.**




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સમાચાર

## વડોદરામાં ભવ્ય ચાતુર્માસ પ્રવેશ

વડોદરા :– પ૦ પૂ૦ આ.શ્રી મેરૂપ્રભસૂરિજી મ૦ સા૦ આદિ ઠાણા ૧૩

ભાવનગર ૧૨૦૦) આરાધકોને ઓળીની સામુદાયિક આરાધના તથા વિદ્યાનગરની અંજનશલાકા, પ્રતિષ્ઠા, તથા ૨૦) દીક્ષાઓ ને ઉજમણું આદિ શાસનપ્રભાવનાના કાર્યો કરાવી જેઠ વદ ૨ના આત્માનંદ જૈન ઉપાશ્રયે ભવ્ય ચાતુર્માસ પ્રવેશ થયેલ. પ્રવચન બાદ ૧૧) રૂ.ની સંઘ પૂજા ને પતાસાની પ્રભાવના. મુંબઈ, ભાવનગર, અમદાવાદ આદિથી ઘણા ભાવુકો પધારેલ.

પ્રવેશ નિમિત્તે આયંબીલમાં ૪) રૂ.,ની તથા પ્રતિક્રમણમાં રૂ. ૧ની પ્રભાવના, પૂજ્યશ્રીજી આવશ્યક (આગમ) સૂત્રની વાંચના આપે છે, ને પૂજ્યશ્રીજીના શિષ્ય પૂ, ગણિ. ઇન્દ્રસેનવિજયજી મ૦ સા૦ શ્રાદ્ધગુણિવિવરણ અને શ્રી ચંદ્રકેવલી ચરિત્રનું વાંચન કરતા, શ્રોતાઓ સારી સંખ્યામાં લાભ લે છે. ને દર રવિવારે બપોરે જુદા જુદા વિષય ઉપર જાહેર વ્યાખ્યાન પણ આપે છે. ચોમાસાના ચારે મહીના અખંડ અઠ્ઠમ ચાલે છે, તેમનુ બહુમાન રૂ. ૨૯) શ્રીફળને સાકરના પડાથી થાય છે. નવપદજીમાંથી અરિહંતાદિ સાત પદોની આરાધના, આયંબીલથી જુદાજુદા દિવસે થયેલ. સાતે પદમાં ૧) રૂ.ની પ્રભાવના થયેલ. પ્રતિક્રમણમાં સારી સંખ્યા આવે છે, પ્રભાવના ચાલુ છે, દીપકવ્રતના એકાસણા, ૩૦૦ બ્રહ્મચર્ય પદની આરાધના, લુખી નીવીથી ૨૨૫ ૧) રૂ.ની પ્રભાવના, ચૌમાશી ચૌદસના પૌષધ, ૮૧)ની સંખ્યા પ્રભાવના ૨) રૂ. સાકર ને જમણ થયેલ. પૂ૦ ગણિ. સિંહસેનવિજયજીએ વર્ધમાન તપની ૧૨)મી ઓળી અને પૂ૦ મુનિશ્રી મુક્તિસેન વિજયજીએ ૩૩) ઓળી કરેલ. સંઘમાં ૮૪) ને ૬૧) મી ઓળી તેમજ માસખમણ, ભદ્રતપ ને સિદ્ધિતપની આરાધના ઉલ્લાસ પૂર્વક ચાલે છે, પૂજ્યશ્રીજીના શિષ્ય પૂ૦ પંન્યાસજી માનતુંગ વિજયજીએ ચૌમાસી ચૌદસે ને પૂ૦ મુનિ હિતવર્ધન વિજયજીએ રવિવારે શ્રી સોસાયટીમાં વ્યાખ્યાન આપેલ. શ્રી દાદા પાર્શ્વનાથ ભગવંતના અખંડ જાપ સહિત અઠ્ઠમતપ ( સાડા બાર હજારના જાપપૂર્વક ) અત્તરવાયણા ને પારણા તેમજ શ્રી સિદ્ધાચલજીના છઠ્ઠ–પારણા, પ્રભાવના સારી થયેલ. સંઘમાં ઉત્સાહ અનેરો છે.

— o —

**શ્રી ભાવનગર શ્રી કૃષ્ણનગર ઉપાશ્રયે પરમ તપસ્વી મુનિ મહારાજશ્રી સંજમ વિજયજી મહારાજ સાહેબ તથા પ૦ પૂ૦ સાધ્વીજી મહારાજ વિશ્વપ્રજ્ઞાશ્રીજ આદિ ઠાણા ચાતુર્માસ પધારતા તેઓશ્રીના સદ્ઉપદેશથી ચાલી રહેલ અપૂર્વ**

## આરાધનાઓ

(૧) અશાડ શુદી ૩ ને રવીવારના પ૦ પૂ૦ તપસ્વી મુની મહારાજ શ્રી સંજમવિજયજી ચાર્તુમાસ પ્રવેશ દીને તે નિમિત્તે વ્યાખ્યાન સમયે રૂપીયા એકના બે સંઘપૂજન કરવામાં આવેલ. તેમજ આ મંગળ દિવસ નિમીત્તે શેઠશ્રી દુર્લભદાસ ઝવેરચંદ તરફથી આયંબીલ કરાવવામાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવેલ. તેમજ તેમાં રૂપાયા એકની પ્રભાવના તેમના તરફથી કરવામાં આવી હતી. આયંબીલની સંખ્યા ૫૦ હતી.

(૨) અષાડ શુદી ૯ ને શનિવાર, અતીથી સંવીભાગ વ્રત, હીરાબેન રતીલાલ ચા વાળા તરફથી આરાધના એકત્રીશ, કુલ પ્રભાવના દરેકને રૂપીયા ચારની.

(૩) ખીરના એકાસણા : અષાડ વદી બીજને રવીવાર શેઠ પરમાણંદ માધવજી હઃ શેઠ વસંતરાય ડાયાલાલ તરફથી.

અરિહંત પદનો જાપ, તપસ્વાની સંખ્યા બસો દરેકને રૂપીયા બેની પ્રભાવના.

(૪) છઠ્ઠ તપ : અષાડ વદી ૭, ૮ શુક્ર, શનિ.

અત્તરવારણા તથા પારણા શેઠશ્રી શાન્તીલાલ મોહનલાલ આફ્રીકાવાળા તરફથી, તપસ્વીની સંખ્યા ૧૧૦) પ્રભાવના દરેક કુલ રૂપીયા ૬-૨૫ પૈસા.

(૫) સામુહીક મગના આયંબીલ : શેઠ શાંતીલાલ ભગવાનદાસ અણીડાવાળા તરફથી, તપસ્વીની સંખ્યા ૧૨૦) કુલ પ્રભાવના દરેકને રૂપીયા ૨-૨૫ પૈસાની. તથા તેજ દિવસે બપોરના સમૂહ સામાયિક સંખ્યા ૧૯૮) બધાને, પ્રભાવના રૂપાયા એકની કરવામાં આવેલ.

(૬) સમૂહ અઠ્ઠમ તપની આરાધના : શ્રાવણ સુદી ૨, ૩, ૫ સોમ, મંગળ, બુધ. અત્તરવારણા તથા પારણા શેઠશ્રી અનોપચંદ માનચંદ જસપરાવાળા તરફથી કરાવવામાં આવેલ, તપસ્વીની સંખ્યા ૫૧ પ્રભાવના દરેકને કુલ રૂપીયા

(૭) ચારિત્ર પદના એકાસણા : શ્રાવણ વદી ૧ ને રવિવારે શેઠશ્રી માવજીભાઈ વશરામભાઈ ટાણાવાળા તરફથી કરાવવામાં આવશે.

(૮) ચાતુર્માસ દરમ્યાન અખંડ અઠ્ઠમતપની આરાધના થઈ રહેલ છે, પ્રત્યેક આરાધકોનું બહુમાન રૂપીયા અગીયાર, શ્રીફળ, સાકરનો પડો તથા સ્ટીલની એક તપેલી આપી કરવામાં આવે છે.

(૯) આ ઉપરાંત શ્રાવિકાબેન શ્રીમતી સૂર્યાબેન ખાન્તીલાલ શ્રેણીતપની અપૂર્વ આરાધના કરી રહેલ છે. તથા શ્રીમતી જ્યોતીબેન વસંતરાય ઘોઘાવાળા સિદ્ધિતપની અપૂર્વ આરાધના કરી રહેલ છે.

લી૦

**હિંમતલાલ અનોપચંદ મોતીવાળા**

મંત્રી

**શ્રી કૃષ્ણનગર જૈન સોસાયટી, ભાવનગર.**

---

( અનુસંધાન ટાઇટલ પેજ ૨નું ચાલુ )

રાખવી પડશે, ને આમ કરશો તો તમે જૈનધર્મના પ્રભાવક બનશો, બીજા આત્માઓનું હિત કરનારા બનશો. કદાચ તમારો મિત્ર તમને દગો દઇ દે, પરંતુ તમારે સામો દગો દેવાનું વિચાર સુદ્ધા પણ ન કરવો, કેમકે તમારા મિત્ર કરતાં તમારી જવાબદારી વધારે છે. જે ધર્મનો આરાધક નથી તે કદાચ દગો દેશે તો એનાથી જૈનધર્મ નહિ નિંદાય, પરંતુ જૈનધર્મનો પરમ આરાધક મિત્ર સામાને દગો દેશે તો જૈનધર્મજ નિંદાશે.

આપણા નિમિત્તે, થોડા સ્વાર્થ ખાતર અખિલ વિશ્વનો તરણતારણહાર જૈનધર્મ-જૈનશાસન નિંદાય તેનાથી વધીને વિરાટ દુનિયામાં બીજું કયું પાપકાર્ય હોઈ શકે? માટે પધારેલા મોંઘેરા પર્વશ્રેષ્ઠ પર્યુષણ પર્વની સંધ્યાએ આપણે સહુ જગત માત્રના જીવો સાથે મૈત્રી કરી ધર્મનો જયજયકાર કરી મુક્તિનિલયે જઈ વસીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atmanand Prakash Regd G. BV. 31.

—: અમૂલ્ય પ્રકાશન :—

અનેક વરસોની મહેનત અને સંશોધનપૂર્વક પરમપૂજ્ય વિદ્વાન
મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજના
વરદહસ્તે સંપાદિત થયેલ અજોડ અને અમૂલ્ય ગ્રંથ

# દ્વાદસારં નયચક્રમ્ પ્રથમ અને દ્વિત્તીય ભાગ

આ અમૂલ્ય ગ્રંથ જેમાં નયોનું અદ્‌ભુત વર્ણન છે તે દરેક સાધુ મુનિરાજો તથા સાધ્વીજી મહારાજ માટે અતિ ઉપયોગી ગ્રંથ છે. દરેક ગૃહસ્થોએ અને સમાજની દરેક લાયબ્રેરી માટે વસાવવા જોઈએ.

આ ગ્રંથ માટે પરમપૂજ્ય આચાર્યશ્રી **વિજયધર્મસૂરીશ્વરજી** મહારાજ જણાવે છે કે—

ભાવનગર **શ્રી** જૈન આત્માનંદ સભાએ આ પુસ્તકનું પ્રકાશન કર્યું તે એક મોટા **ગૌરવની** વાત છે. જે વિદ્વાન મુનિ મહારાજો, **સાધ્વીજી મહારાજો**, તથા શ્રાવકો તેમજ શ્રાવિકાઓને જૈન દર્શનના અભ્યાસ માટે ખૂબ જ ઉપયોગી નીવડશે.

ભારતભરમાં અનેક જૈન સંસ્થાઓ છે. તેઓએ પ્રગટ કરેલા પુસ્તકોમાં આ 'દ્વાદશારં નયચક્રમ્'ને શ્રેષ્ઠ સ્થાને મૂકી શકાય તેમ છે. માટે શ્રી જૈન આત્માનંદ સભાને ધન્યવાદ ઘટે છે. (કીંમત રૂા. ૪૦-૦૦ પોસ્ટ ખર્ચ અલગ)

---

**બહાર પડી ચુકેલ છે** જિનદત્તકથાનકમ્ (અમારૂં નવું પ્રકાશન)

પ્રસ્તુત જિનદત્તકથાનક સંસ્કૃત ભાષાના અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી એવો કથાગ્રંથ છે.

સ્વ. પૂજ્યપાદ આગમપ્રભાકર શ્રુત-શિલવારિધિ શ્રી પુણ્યવિજયજી મહારાજની ઇચ્છાનુસાર આ ગ્રંથ પ્રકાશન કરવામાં સફળ થતા ખુબ આનંદ અને સંતોષ અનુભવાય છે.

અમારી વિનંતિને ધ્યાનમાં લઈને પરમપૂજ્ય સાધ્વીજી મહારાજશ્રી ૐકારશ્રીજી મહારાજે આ ગ્રંથનું સંપાદન-સંશોધનનું કાર્ય કરી આપવાની કૃપા કરી છે.

આ કથાનકનો ગુજરાતી ભાષામાં પણ સંક્ષિપ્ત સાર આપવામાં આવ્યો છે. આ ગ્રંથ દરેક લાયબ્રેરીમાં વસાવવા યોગ્ય છે. (**કિંમત રૂા. ૮-૦૦**)

લખો— **શ્રી જૈન આત્માનંદ સભા** : ખારગેટ, **ભાવનગર.**

તંત્રી : શ્રી પોપટભાઈ રવજીભાઈ સલોત શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only